ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૯-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

આફતને અવસરમાં પલટાવવાની કુનેહ

જમ્મુ અને કાશ્મીર એની હયાતીનો સૌથી મોટો પડકાર ઝીલીને બેઠું થઇ રહ્યું છે ત્યારે એના રાજકીય ભૂતકાળ વિશે થોડી નુક્તેચીની સમયસરની ગણાશે. મૂળે સંસ્કૃતના પંડિતો અને લલ્લેશ્વરી કે નંદ ઋષિ જેવા સંત કવિઓની આ ભૂમિ ભારતવર્ષના મુકુટમણિ સમાન ગણાતી રહી છે અને એના ઉદરમાં હિંદુ-મુસ્લિમ અને બૌદ્ધ ઉપરાંત શીખ-શક-કુષાણ સંસ્કૃતિઓનો નિરંતર સમન્વય રચાતો રહ્યો છે. એક દંતકથા મુજબ તો ઇસુ ખ્રિસ્તે પણ કાશ્મીરની મુલાકાત લીધી હોવાની માન્યતા છે. નજીકના ભૂતકાળમાં એણે વિભાજનની અને તે પછી આતંકવાદની હૃદયવિદારક પીડા વેઠી છે. કાશ્મીરી પંડિતોની સામૂહિક હિજરત પછી કાશ્મીર ખીમ મુસ્લિમલ બહુલ વિસ્તાર બની ગયેલ છે. 'આઝાદ કાશ્મીર' તરીકે ઓળખાતો એનો અડધ ઉપરાંતનો હિસ્સો પાકિસ્તાનના કબજામાં છે અને સરહદી વિસ્તાર હોવાને કારણે કાશ્મીર હવે સહેલાણીઓ કરતાં સવિશેષ આતંકવાદીઓનું સ્વર્ગ બની રહેલ છે. કાશ્મીરને ભારતથી જુદું તારવતી કલમ ૩૭૦ના મુદ્દે લાંબા વખતથી વિવાદ ચાલતો રહ્યો છે. અલગતાવાદીઓ એને સમૂળગું આઝાદ કરાવવાની ઝુંબેશ ચલાવતા રહ્યા છે, જેમ કે પાક સરકાર-લશ્કર અને કુખ્યાત ગુપ્તચર એજન્સી આઇએસઆઇનો ખુલ્લો ટેકો સાંપડતો રહ્યો છે. પાક રાજદૂત અલગતાવાદી નેતાઓને દિલ્હી બોલાવી દાવત આપતા રહે છે અને ભારત સરકાર મૂક પ્રેક્ષક બની એ ખેલ જોતી રહે છે. પાડોશી રાષ્ટ્ર સાથે સંબંદો વણસતા જ રહેછે અને એનાં મૂળમાં આ કાશ્મીરનો વિવાદ છે. પાકિસ્તાનના તમામ નેતાઓ કાશ્મીર પર દાવો કરતા રહ્યા છે, ભારત વિરૂદ્ધ ઝેર ઓકતા રહ્યા છે. હાફીઝ સઇદ જેવા આતંકવાદીઓ કાશ્મીરી યુવાનોને બહેકાવી દહેશત ગર્દી ફેલાવતા રહ્યા છે. હજારોની સંખ્યામાં પાક ઘુસણખોરો કાશ્મીરમાં ઘૂસીને દેશભરમાં કાળો કેર વરતાવતા રહ્યા છે. છેલ્લે થયેલ લોકસભાની ચૂંટણીમાં શેખ અબ્દુલ્લાની નેશનલ કોન્ફરંસ પાર્ટીના વડા ડો. ફારૂક અબ્દુલ્લાએ અને એમના સુપુત્ર વર્તમાન મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ નરેન્દ્ર મોદીને ભાંડવામાં કશી મણા નહોતી રાખી. ત્યાં સુધી કે ૩૭૦ની કલમને હાથ લગાડવાની તો હિંમત કરી જુઓ, એવો પડકાર ફેંક્યો હતો. જેવી આ કલમ ભૂંસાઇ નથી કે ભારતના નકશામાંથી કાશ્મીર ભૂંસાઇ જશે, એવી ધમકી ઉચ્ચારવામાં આવી હતી. આવા ગરમાગરમ વાતાવરણમાં ભારતીય જનતા પાર્ટીએ જમ્મુ, ઉધમપુર અને લેહ લડાખની ત્રણ બેઠકો જીતી લઇ એની પ્રચંડ તાકાતનો પરચો બતાવી દીધો હતો અને જે મોદીને ફારૂક અબ્દુલ્લા દરિયામાં ફેંકી દેવાની હાકલ કરતા હતા તે દેશના વડાપ્રધાન બની ગયા પછી સામે પગલે એમના શાસનકાળના સો દિવસો દરમિયાન ત્રણ ત્રણ વાર જમ્મુ-કાશ્મીરની મુલાકાત લઇ આવ્યા. એટલું જ નહીં, એમણે શ્રીનગર-ઉધમપુર અને વૈષ્ણોદેવીને જોડતી રેલવે લાઇન ઉપરાંત વિકાસ કાર્યો માટે અને તે પછી રાષ્ટ્રીય આપદા જેવી સ્થિતિમાં સરજાતાં રાહતકાર્યો માટે જમ્મુ કાશ્મીર માટે રૂા. ૨૦૦૦ કરોડ જેવી માતબર રકમ ફાળવીને લોકોને એ મુદ્દે અહેસાસ કરાવી દીધો કે કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ છે એટલું જ નહીં, બલકે એની કોઇ પણ મુસીબતમાંથી ભારત જ એને ઉગારી શકે એમ છે. મોદીએ તો આઝાદ કાશ્મીરના લોકોને પણ મદદની ઓફર કરી હતી. કાશ્મીરના અસરગ્રસ્તોને આર્મી - બીએસએફ અને હવાઇદળ મારફત જે સહાય પહોંચી છે, તેથી પ્રજાનો ભ્રમ ભાંગી ગયો છે. જે આર્મી માટે 'ગો બેક'નાં સૂત્રો પોકારાતાં રહેતાં, એ જ એમની તારણહાર બનીને ઊપસી રહી છે. વડાપ્રધા નરેન્દ્ર મોદીએ એમનો જન્મદિવસ નહીં ઊજવવાનો નિર્ણય કરીને કાશ્મીરના દુઃખમાં સહભાગી થવાની જે ઉદાત્ત ચેષ્ટા દર્શાવી છે એનો પણ બહુ જ સાનુકૂળ પ્રતિભાવ સાંપડશે. દિગ્વિજયસિંહ જેવા મોદીના કટ્ટર ટીકાકારને પણ કાશ્મીર સંકટમાં મોદી સરકારે લીધેલાં પગલાંની પ્રશંસા કરવી પડી છે. નરેન્દ્રભાઇમાં આફતને અવસરમાં પલટી નાખવાની અદ્‌ભૂત કુનેહ છે, એનું આ જવલંત ઉદાહરણ છે.

આજે ઓઝોન દિવસને લઈને વિવિધ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ઓઝોન પડની સુરક્ષાનુ મિશન વણથંભ્યુ છે. ત્યારે આજે ગાંધીનગરમાં ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવશે. ગેમી દ્વારા આજે સવારે ૯.૦૦ વાગે સેટર-૩૦માં આવેલ ટી.આર.ઓ. ભવનના કોન્ફરન્સ હોલમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં એડિશનલ ચીફ સેક્રેટરી પી.કે. તનેજા આઈ.એ.એચ. ઉપસ્થિત રહેશે. ઓઝોન દિવસને લઈને ઓપન ક્વીઝ સ્પર્ધા, પોસ્ટર પ્રેઝન્ટેશન, ડીબેટ કોમ્પીટીશન અને સ્લોગન કોમ્પીટીશન યોજવામાં આવશે.

ઓઝોન દિવસની ઉજવણી સમગ્ર શહેરમાં કરવામાં આવનાર છે. વિવિધ સંસ્થાઓ દ્વારા પણ ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં વિદ્યાર્થીઓ ઓઝોન દિવસથી વાકેફ બને અને તેનાથી થતા લાભ અને ગેરલાભ જાણે તેવા ઉદ્દેશ સાથે ઉજવણી કરવામાં આવશે.

વડોદરામાં 'ફુલડા' બાળગીતોની સી.ડી.નું વિમોચન કરાયું

ગાંધીનગર, તા.૧૫

નાના ભૂલકાંઓ માટે 'ફુલડા' બાળગીતોનો સંગ્રહ અને બાળગીતોની એમપી-૩ ઓડિયો સી.ડી.નો લોકાર્પણ સમારંભ વડોદરા ખાતે યોજવામાં આવ્યો હતો. કાવ્ય સંગ્રહ અને ઓડિયો સી.ડી.નું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

વડોદરાની ધ ઈન્સ્ટીટયુશન ઓફ એન્જિનિયર્સના વાસ્વિક ઓડીટોરીયમ ખાતે ગત ૩૧મી ના રોજ 'ફુલડા' બાળગીતોનો સંગ્રહ અને બાળ ગીતોની ઓડીયો સી.ડી.નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે યશવંત કડીકર, મહેન્દ્રભાઈ શાહ, મોહનભાઈ બારોટ, કલ્પનાબેન બારોટ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાર્થના ગીતથી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. મહાનુભાવોના હસ્તે ફુલડાનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નૂતન બાળ શિક્ષણ સંઘ અને આર.સી. પટેલ નવયુગ વિદ્યાલયના બાળકોએ અભિનય કરી ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે સર્જક ત્રિવેણીબેન પંડયાએ જણાવ્યું હતું કે મારા મનમાં બાળકો માટે કઈ કરવાનો ભાવ જન્મ્યો કે બાળકો કઈક નવું કરે ચોમાસાની મોસમમાં મોરલો ટહુકો કરી થનગાટ કરે તેવી રીતે બાળકો પણ થનગનાટ કરે તેવી રીતે બાળ કાવ્ય સંગ્રહ 'ફુલડા' નિર્માણ પામ્યું.

IITEમાં કોર્સ માન્યતા વગર ચાલતો હોવાનું ખુલતા વિવાદ

પ્રવેશ સમયે જ વિદ્યાર્થીઓને જાણવા મળ્યું : છેતરપિંડી થઇ હોવાને લઇને વિદ્યાર્થીઓમાં નારાજગીનું મોજુ ફેલાયું

અમદાવાદ, તા.૧૫

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન (આઈઆઈટીઈ) માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે જણાવવામાં આવ્યું હતું કે, આ અભ્યાસક્રમ ચાર વર્ષનો છે પણ અભ્યાસક્રમમાં પ્રવેશ લીધા બાદ વિદ્યાર્થીઓને રાજ્ય સરકારની યુનિવર્સિટીએ જે છેતરપિંડી કરી હોય તેવું જાહેર થઈ રહ્યું છે ત્યારે રાજ્યની યુનિવર્સિટીઓ રાતોરાત સ્થાપવામાં રાજ્ય સરકારે પુરતી જવાબદારી અદા કરી ન હોવાથી વિદ્યાર્થીએ રોવાનો વારો આવ્યો છે.

ગુજરાતમાં જુદા જુદા અભ્યાસક્રમની યુનિવર્સિટીઓ સ્થપાયની સ્થાપતા કરાઈ રહી છે પરંતુ પુરતી વ્યવસ્થા અને સંલગ્ન કાઉન્સીલ દ્વારા માન્યતા વિના અભ્યાસક્રમો ચલાવવામાં આવતા હોવાથી વિદ્યાર્થીઓના ભવિષ્ય અને કારકિર્દી બંનેને સાથે ચેડા થઈ રહ્યા છે. આઈઆઈટીઈમાં ભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને વાલીઓને પ્રવેશ સમયે યુનિવર્સિટી સત્તાવાળા અને શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર અભ્યાસક્રમ ઈન્ટીગ્રેટેડ છે અને અભ્યાસપૂર્ણ થયા સમયે યુનિવર્સિટી દ્વારા ઈન્ટીગ્રેટેડ ડિગ્રી આપવામાં આવશે અને નોકરીમાં પણ અગ્રીમતા આપવામાં આવશે. હકીકતમાં છેલ્લા ત્રણ વર્ષમાં વારંવાર યુનિવર્સિટી સત્તાવાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને હકીકતથી દુર રાખવામાં આવ્યા અને અનેક બાબતો પુછવા છતાં હકીકત છુપાવવામાં આવી. રાજ્ય સરકાર દ્વારા સ્થપાયેલ યુનિવર્સિટીના સત્તાવાળાઓ આટલી ગંભીર છેતરપિંડી સામે આવતા વિદ્યાર્થીઓ પણ હેબતાઈ ગયા છે. વર્ષ સુધી સતત કેમ્પસમાં ફરજીયાત રહેવાની ફરજ પાડવામાં આવે તો પછી નિવાસી તાલીમનો અર્થ શું? દેશ અને વિદેશમાં વિવિધ પ્રકારની યુનિવર્સિટીઓ સ્થાપવાની ક્રેડીટ લેનાર વડાપ્રધાન સમગ્ર બાબતમાં વિદ્યાર્થી-વાલીઓના ભવિષ્ય સાથે છેતરપિંડી કરનાર શિક્ષણ વિભાગ યુનિવર્સિટી સત્તાવાળાઓ સામે શું કોઈ પગલા ભરશે તે જોવાનું રહ્યું.

આ અંગે મનિષ દોશીએ જણાવ્યું હતું કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન (આઈઆઈટીઈ) માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા વ્યાપકપણે તેમના ભવિષ્ય માટે રજુઆત કરાતા યુનિવર્સિટી સત્તાવાળા દ્વારા ઉત્તર ગુજરાતની એક બીએડ કોલેજને રાતોરાત ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી સીધું જ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન (આઈઆઈટીઈ) માં ટ્રાન્સફર કરવામાં આવી. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં કોઈ કોલેજો જોડાણ મેળવેલ હોય તેનું જોડાણ બંધ કરવા માટે પણ સંપૂર્ણ કાર્યવાહી કરવાની હોય છે.

જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં માહિતી ખાતા દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

જિલ્લા માહિતી કચેરી દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધાના વિષયો ગરીબ કલ્યાણ યોજના, નિર્મળ ગુજરાત, શહેરીકરણ, નિરોગી બાળ, કન્યા કેળવણી, ગુજરાતનો કૃષિ વિકાસ, ઔદ્યોગિક વિકાસ, પ્રવાસધામો વગેરે વિષયો હતો.

પ્રથમ નંબરે નિરાલી ભટ્ટી રૂ. ૫૧૧ નું ઈનામ મળેલ છે. દ્વિતીય નંબરે પારૂલ એલ. નાડિયા રૂ. ૪૧૧, તૃતીય નંબરે ચૌધરી શ્રદ્ધા રૂ. ૩૧૧નું ઈનામ મળેલ છે. આચાર્યશ્રી સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

આરાધના વિદ્યા વિહાર ઈકો ક્લબ દ્વારા સફાઈ ઝુંબેશ

ગાંધીનગર, તા. ૧૫

આરાધના ઈકો ક્લબ ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા શાળાની આસપાસ જાહેર માર્ગની સફાઈ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આચાર્યશ્રી, સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાઈને સફાઈકાર્ય કર્યું હતું. શિક્ષકોએ સફાઈનું મહત્વ સમજાવ્યું હતું. વૃક્ષો જે રોપાયેલ છે તેની દેખરેખ અને માવજત કરવામાં આવી હતી. વર્ગખંડોમાં સફાઈ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ શ્રી અરવિંદભાઈ સી. પટેલ, શ્રી વસંતભાઈ ડી. પટેલના માર્ગદર્શન હેઠ કરવામાં આવી હતી.

હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેક્ટર-૨૩, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા આજે હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. હિન્દી ભાષાના ગૌરવ, પ્રચાર-પ્રસારના હેતુસર આ દિવસને ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના તાલીમાર્થીઓએ હિન્દી ભાષામાં પ્રાર્થના, દોહા, ગીત, નૃત્ય, સુવિચાર વગેરેની ઉંમગભેર રજૂઆત કરી કોલેજના વાતાવરણને હિન્દીમય બનાવી દીધું હતું, અને હિન્દી દિવસના મહત્વ વિશેની જાણકારી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. ભરતભાઈ પટેલે કર્યું હતું.

હરિની દૃષ્ટિ...

'જનધન'માં તો ખાતુ ખોલાવી માંડ નવરા થયા ત્યાં, મોદીજી આ નવી 'જીન-પીંગ' યોજના લાવ્યા લાગે છે...!! તેમાં ખાતું ક્યા ખોલાવવાનું તે જોતા રહેજો...!

વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેક્ટર-૨૩, ગાંધીનગરની બી.એડ્. કોલેજોમાં તાલીમાર્થીઓને સ્વચ્છતા વિશેનો ખ્યાલ સ્પષ્ટ થાય તે હેતુથી તા. ૧૩-૯-૧૪ ના રોજ 'સ્વચ્છ ભારત માટેના નિર્માણ માટેની મારી ભૂમિકા' વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ સ્વચ્છ ભારત માટેના નિર્માણ માટે આપણે લોકોને જાગૃત કરવા માટે સ્વચ્છતાને લગતી ફિલ્મો, નાટકો, ગીતો, રેલી વગેરેનું આયોજન કરવું જોઈએ તે પ્રકારની વિશિષ્ટ માહિતી સ્પર્ધા દરમ્યાન આપી હતી. આ સ્પર્ધામાં એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાંથી દવે પ્રતિક પ્રથમ સ્થાને અને દ્વિતીય સ્થાને પટેલ જીગીશા રહી હતી. જ્યારે આર.એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.એડ્. કોલેજમાંથી ઈંદુસીંગ પ્રથમ સ્થાને તેમજ ચિંતન પટેલ દ્વિતીય સ્થાને રહ્યા હતા. આ વક્તૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. નરેન્દ્રભાઈ નાયી અને શ્રીમતી આરતી શાહુ ઉપસ્થિત રહ્યા હતા.

જ્ઞાનકુંભ - દર્શન મારૂ વર્તમાન પ્રવાહો

૧. ભારતની પ્રથમ ડિફેન્સ યુનિવર્સિટી ક્યાં શરૂ કરવામાં આવશે?
➜ **ગુડગાંવ**

૨. ૨૦૧૩ કબડ્ડી વર્લ્ડકપ ક્યા યોજાયો હતો?
➜ **પંજાબ (ભારત)**

૩. ૨૦૧૩માં વિશ્વ પર્યાવરણ દિનની થીમ કઈ હતી?
➜ **Think. Eat. Save (વિચારો, ખાવો, બચાવો)**

૪. ૨૦૧૩માં જમ્મુ-કાશ્મીરના ક્યા બે સ્થળો વચ્ચે ટ્રેન સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે?
➜ **બનિહાલ અને કાઝી ગુંડ**

૫. ૨૦૧૩માં ત્રિપુરામાં ક્યા સ્થળે ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશનની મોટી વીજળી પરિયોજનાનું પ્રથમ એકમ સ્થાપવામાં આવ્યું છે?
➜ **પાલટાના (ત્રિપુરા)**

૬. ૨૦૧૩માં ઉત્તરાખંડના કેદારનાથમાં પૂરગ્રસ્ત લોકોને બચાવવા માટે ઈન્ડિયન આર્મીએ કયું બચાવ ઓપરેશન કર્યું હતું?
➜ **ઓપરેશન સૂર્યહોપ**

૭. ૨૦૧૩માં બોલીવુડની કઈ અભિનેત્રીએ આત્મહત્યા કરી લીધી હતી?
➜ **ઝિયા ખાન**

૮. આઝાદ હિન્દ ફોજના ક્યા લડવૈયાનું ૨૦૧૩માં નિધન થવા પામ્યું હતું?
➜ **સાગરસિંહ**

૯. ૨૦૧૩માં માઉન્ટ એવરેસ્ટ સર કરનાર સૌથી નાની વયનો પ્રથમ ભારતીય યુવાન કોણ બન્યો છે?
➜ **રાઘવ જૂનેજા**

૧૦. ૨૦૧૩માં મધ્યપ્રદેશ સરકાર દ્વારા બચેન્દ્રીપાલને ક્યો પુરસ્કાર આપવામાં આવ્યો હતો?
➜ **લક્ષ્મીબાઇ રાષ્ટ્રીય એવોર્ડ**

૧૧. ૨૦૧૩માં બાબુરાવ વિષ્ણુ પરાડકર પત્રકારત્વ પુરસ્કાર ૨૦૧૧-૧૨ માટે કોની પસંદગી કરવામાં આવી હતી?
➜ **વાર્તાકાર હરિશ પાઠક**

૧૨. ૨૦૧૩માં ડોમેસ્ટિક ટુરિસ્ટ વિઝીટમાં ક્યા રાજ્યે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે?
➜ **આંધ્ર પ્રદેશ (૨૦૬.૮ મિલિયન પ્રવાસી)**

૧૩. ૨૦૧૩માં ફોરેન ટુરિસ્ટ વિઝીટમાં ક્યા રાજ્યે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે?
➜ **મહારાષ્ટ્ર (૫.૧ મિલિયન)**

૧૪. ૨૦૧૩માં દુનિયાના સૌથી શ્રેષ્ઠ ૧૦ પ્રવાસન સ્થળમાં ભારતનાં ક્યા રાજ્યનો સમાવેશ થાય છે?
➜ **કેરાલા**

૧૫. ૨૦૧૩માં અભિનેતા આમીરખાનને કઈ ટીવી શ્રેણી બદલ અમેરિકામાં એબ્રોડ મીડિયા એવોર્ડ એનાયત કરાયો હતો?
➜ **સત્યમેવ જયતે**

૧૬. રાષ્ટ્રીય એકતા પરિષદની ૧૬મી બેઠક નવી દિલ્હી ખાતે કોના પ્રમુખ સ્થાને યોજાઈ હતી?
➜ **ડો. મનમોહનસિંઘ**

૧૭. ૨૦૧૩માં દેશનાં પ્રથમ કૃત્રિમ રબર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન ક્યાં થયું?
➜ **પાણીપત, હરિયાણા**

૧૮. ૨૦૧૩માં ઈન્દિરા ગાંધી સેવા યોજના દ્વારા સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટી પુરસ્કાર કોને પ્રદાન કરવામાં આવ્યો?
➜ **મેંગ્લોર યુનિવર્સિટી, કર્ણાટક**

૧૯. ૨૦૧૩નો સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટી પુરસ્કાર મેંગ્લોર યુનિવર્સિટીને કોના દ્વારા પ્રદાન કરવામાં આવ્યો?
➜ **પ્રણવ મુખરજી**

૨૦. ૨૦૧૩ ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ ક્યાં યોજાઈ ગયો?
➜ **ગોવા**

પ્રાકૃતિક જીવન જીવવાની ટેવ પાડીએ અને પર્યાવરણની જાળવણી અંગે વિશેષ જાગૃતિ કેળવીએ તેમજ આનંદપૂર્વક વરસાદને હવે 'bye bye' કહીએ

વરસાદ આ વર્ષે થોડી પ્રતિક્ષા બાદ આવ્યો. આપણે સૌ તો અત્યંત ચિંતામાં હતા કે આ વર્ષવે વરસાદ વરસશે કે નહિં? પરંતુ, મોડી-મોડી મેઘરાજાની સવારી દબદબાભેર આવી પહોંચી ખરી! સૌના હૈયે હરખની હેલી ઉમટી. આ સૂકી ધરામાં વર્ષાના આગમનથી તૃપ્તિ પણ થઇ. માનવ, પશુ-પંખી સર્વેના મનમયુરમાં વર્ષાની પધરામણીથી આનંદની અનુભૂતિ થઇ અને હરિયાળી ચાદર ચારેકોર પથરાઇ. તેમાંય ગાંધીનગરની શોભા તો કંઇક અનેરી જ ખીલી ઊઠે છે. જ્યાં નજર પડે ત્યાં ધરતી લીલી ચૂંદડી ઓઢી સોળે શણગાર સજેલી દૃષ્ટિમાન થઇ. ઝવેરચંદ મેઘાણી વર્ષાને ભાતીગળ શબ્દોમાં કંઇક આ રીતે વર્ણવે છે,

"ભીડેલા આભને બેદી કો' રાજબાળ
તાડીઓ પાડતી છૂટી;
બાપુના લાખ લાખ હેમર હાથીડલા
હાંકતી હાંકતી છૂટી"

વર્ષાઋતુની મોહકતાનું વર્ણન કેટલાય કવિઓ તથા લેખકોએ પોત-પોતાની અનોખી શૈલીમાં કર્યું છે અને છતાંય કોઇએ માટે તે નિત્ય-નવીન જ રહ્યું છે. અબાલ-વૃદ્ધ સર્વને ધરતીના આ નવલારૂપ નીહાળવા તેમજ માણવા ગમે છે. સજીવસૃષ્ટિને નવજીવન બક્ષતી આ વર્ષારાણી જ્યારે અનરાધાર વરસે ત્યારે સૌ કોઇના હૈયે આનંદની છોળો છલકાય છે. પરંતુ, વર્ષાઋતુએ થોડું વરસીને વિરામ લઇ લીધો. અમી છાંટણાથી ધરતી પાવન તો થઇ પણ હજુ ધરાની પ્યાસ અતૃપ્ત જ હતી! સૌ કોઇ વિનંતી કરતા હતા કે,

"હવે નહીં તડપાવ તું ધોધમાર વરસાવ તું,
તડકો આકરો થયો છે, તેને થોડું સમજાવ તું."

કુદરતની અકળ ગતિને કોઇ જાણી શક્યું નથી. મનુષ્ય પોતાના અહમ્‌માં પોતાની જાતને સર્વોપરી માની બેસે ત્યારે કુદરત પરચો બતાવી મનુષ્યને ઢંઢોળી મૂકે છે. મનુષ્યને તે સમયે પ્રતીતિ થાય છે કે કુદરત આગળ તે કેટલો વામણો તેમ જ પામર છે! 'જટિલ'ના શબ્દોમાં કહું તો,

"ફેંકતા પાસા અમે, પણ દાવ તારા હાથમાં;
છે ભલે હથિયાર મારાં, ઘાવ તારા હાથમાં!
શઢ ચડાવી સાથ ઊપડી બેખબર મઝધારમાં -
તોડવી કે તારવી એ નાવ તારા હાથમાં!"

પ્રકૃતિના આ ક્રોધિત સ્વરૂપને જોઇને મનુષ્યનું મન ક્ષણવાર માટે ભયભીત જરૂર થાય છે. પરંતુ, તેમાંથી પાર ઉતરતાવેંત જ તે આ સઘળું દુઃખ ભૂલી જાય છે અને ફરીથી પ્રકૃતિના કે કુદરતના મહત્ત્વને અવગણવા લાગે છે. સજીવ સૃષ્ટિને જાળવવાનાં વિવેકબુદ્ધિના ઉપયોગ વિના આડેધડ વૃક્ષછેદન કરી કોંક્રિટના જંગલની અભિવૃદ્ધિ કર્યા જ કરે છે. થોડા અંતરાલ બાદ ફરીથી વરસેલો વરસાદ રૌદ્ર સ્વરૂપે

વિચારસભા
"Bye Bye Rain"
- નેહલ જયદીપ ગઢવી

આવ્યો. ધોધમાર વરસાદ ગાજવીજ સાથે વરસ્યો. વીજળીના કડાકા વચ્ચે કોપાયમાન બનેલી કુદરત ધરતીને ધ્રુજાવી ગઇ. ચારેકોર વર્ષાના અનરાધાર આગમનને કારણે જળબંબાકાર થઇ જવાથી જનજીવન ખોરંભે પડ્યું. ઉત્તર ભારતમાં તેમ જ કાશ્મીર તરફ વરસેલો વરસાદ શિવતાંડવ સમાન વરસ્યો. શિવજીના આ કોપાયમાન સ્વરૂપને નિહાળીને સૌ કોઇ કંપી ઉઠ્યા. સમગ્ર સૃષ્ટિ જાણે ત્રાણી-ત્રાણી પોકારી ઊઠી! કવિ ચિરાગ ત્રિપાઠી તેનું વર્ણન કરતાં લખે છે કે,

"કેવાં કાતિલ છે આ વરસાદી નીર
આખું શહેર જુઓ બચકું ફરે છે.
જાણે આભમાંથી છૂટ્યાં હો નીર
કેવા કાતિલ છે આ વરસાદી નીર
ટહુકાઓ દૂત બની સંદેશા લાવ્યા કે
વાદળની સેના છે આવી
કડકડતી વીજળીની ખુલ્લી તલવારો
ને ગડગડતાં બોમ્બ સંગ લાવી..."

જે વરસાદના આગમન વિના આપણે દુષ્કાળની ભીતિ સેવી તે જ વરસાદના વધુ પડતા આગમને સમગ્ર સજીવસૃષ્ટિને મોતનો ભયાનક ચહેરો બતાવી દીધો. કુદરત કે ઇશ્વરના પ્રકોપ આગળ આટ-આટલી પ્રગતિ અને વિકાસ છતાં મનુષ્ય કેટલો બેબસ અને લાચાર બની જાય છે તે સૌએ અનુભવ્યું.

વરસાદના આ અતિ રૌદ્ર સ્વરૂપનો સામનો કરવા મનુષ્યએ પોતાનાથી શક્ય એટલા પ્રયાસો કર્યા. પરંતુ, મનુષ્યના સ્વભાવ મુજબ તે આ કુદરતી હોનારત થવાના કારણ માટે પોતે જવાબદાર હોવાની સ્વીકૃતિને બદલે દોષનો ટોપલો એકબીજાને માથે નાંખતા જોવા મળે છે કહે છે કે ભગવાન અવતરે છે અને આ અવતરવું એટલે પોતાના સ્થાનેથી નીચે ઊતરવું. હિરણ્યાકશ્યપ થયો, ત્યારે ભગવાન નીચે ઊતર્યા. નરસિંહરૂપે અવતરીને હિરણ્યાકશ્યપનો નાશ કરીને પાછા ગયા. ત્યારબાદ શ્રીરામ આવ્યા અને છેલ્લે શ્રીકૃષ્ણ પણ આવ્યા. કૌરવ-પાંડવ લડ્યા અને યાદવો પણ અંદરોઅંદર કાપાકાપી કરી મર્યા. અને જ્યારે શ્રીકૃષ્ણના પ્રાણ જવાની તૈયારી હતી તે વખતે સારથિએ પુછ્યું : 'ભગવાન, કોઇ સંદેશો કહેવાનો છે?' ત્યારે ભગવાને જવાબ આપ્યો : 'હવે તો હું થાક્યો છું. હવે હું બીજો અવતાર લેવાનો નથી. સંદેશો તો મેં 'ગીતા' માં જ આપી દીધો છે : માણસે પોતાનો ઉદ્ધાર પોતાની જાતે જ કરી લેવો; કોઇ કોઇનો ઉદ્ધાર કરી શકતું નથી.' અતિવૃષ્ટિની આ પરિસ્થિતિમાં સમગ્ર સૃષ્ટિ જ્યારે વરસાદના આ પ્રકોપથી ભયભીત બની છે ત્યારે સૌ-કોઇએ પોતપોતાની રીતે જ પ્રયત્નો શરૂ કરવા પડશે. કોઇ પણ પ્રકારની કુદરતી આફતમાંથી બહાર આવવા આપણે સ્વયં પ્રયત્નો કરી પરિસ્થિતિને અનુકૂળ થવાનો પ્રયાસ કરીએ. આપણે સૌએ આ બાબતે મનોમંથન કરી કુદરતના મહત્ત્વને સમજવા પ્રયાસ કરવો જ રહ્યો. કુદરતના આ પ્રકોપનું એક મુખ્ય કારણ એ પણ છે કે આપણે સતત કુદરતના નિયમ વિરૂદ્ધ વર્તીને પર્યાવરણને નુકશાન પહોંચાડીએ છીએ. પર્યાવરણની યોગ્ય જાળવણી કરીને હરીન્દ્ર દવે લખે છે તે મુજબ વરસાદને માણીએ કે,

"ચાલ, વરસાદની મોસમ છે, વરસતાં જઇએ;
ઝાંઝવાં હો કે દરિયાવ, તરસવાં જઇએ...
તાલ દેનારને પળ એક મૂંઝવવાની મઝા -
રાગ છેડ્યો છે રૂદનનો, છતાં હસતાં જઇએ."

તો આવો, પ્રાકૃતિક જીવન જીવવાની ટેવ પાડીએ અને પર્યાવરણની જાળવણી અંગે વિશેષ જાગૃતિ કેળવીએ તેમજ આનંદપૂર્વક વરસાદને હવે 'bye bye' કહીએ.